# વાલીને શિક્ષક માટે આદર અને વિશ્વાસ છે જ

હમણાં થોડા દિવસ પહેલાં અમારી બી.એડ.કોલેજમાં એક અધ્યાપક અધ્યાપન કરાવતા હતા. તે સમય દરમિયાન અધ્યાપકે તાલીમાર્થીઓને પૂછ્યું કે, તમારામાંથી કેટલા વિદ્યાથીઓ વિમાનમાં બેઠાં છે એટલે કે હવાઈ મુસાફરી કરી છે ? એક પણ તાલીમાંર્થીએ આંગળી ઉંચી ન કરી. એટલે કે, કુલ ૯૦ વિદ્યાર્થીમાંથી એક પણ વિદ્યાર્થી વિમાનમાં બેઠેલ ન હતો. તાસ પૂરો થતા અધ્યાપકે ઓફિસમાં આવીને વાત કરી કે આપણી કોલેજનો એક પણ તાલીમાર્થી વિમાનમાં બેઠો નથી. તો તેમના માટે એવો પ્રવાસ ગોઠવો કે જેથી તાલીમાર્થીઓને વિમાનમાં બેસવાની તક મળે. થોડું વિચાર્યું કે, ક્યાં લઇ જવા ? કયો પ્રવાસ સંપૂર્ણપણે શૈક્ષણિક પ્રવાસ બની રહે અને સાથે ખૂબ જ ઓછા ખર્ચમાં તાલીમાર્થીઓને લાભ આપી શકાય. અંતે દિલ્હી, મથુરા અને આગ્રાનો પ્રવાસ વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યો. તે પણ માત્ર પાંચ હજાર રૂપિયામાં જ. શરૂઆતમાં માત્ર પાંચ જ તાલીમાર્થીઓ તૈયાર થયા. અમે સ્ટાફે નક્કી કર્યું કે, પાંચ વિદ્યાર્થી તો પાંચ વિદ્યાર્થી, જેમની ઈચ્છા અને અનુકૂળતા છે તેમને લઇ જવા જોઈએ. ભલે માત્ર પાંચ વિદ્યાર્થીની જ ઈચ્છા હોય. અમદાવાદથી દિલ્હી વિમાન અને આગ્રાથી અમદાવાદ રેલ્વેની ટીકીટબુક કરાવી. બેચાર દિવસ પસાર થયા અને વિદ્યાર્થીની સંખ્યા પાંચથી વધીને ૨૯ થઇ ગઈ! જેમાં ૨૦ બહેનો અને ૯ ભાઈઓ જોડાયા.

પ્રવાસ શરુ થયો. અમદાવાદ એરપોર્ટ પર સવારે વહેલાં ૬.૩૦ વાગે સૌ તાલીમાર્થીઓ એકઠાં થયા. અમે પાંચ અધ્યાપકો પણ પ્રવાસમાં જોડાયા હતા. અમે અધ્યાપકોએ નક્કી કરેલું કે, એરપોર્ટ પરની સંપૂર્ણ વિધિ તાલીમાર્થીઓને જ કરવા દેવી. જેથી તેમને અનુભવ મળે. ઉપરાંત એરપોર્ટ પરની વિવિધ વ્યવસ્થાઓ અને સગવડતાનો અભ્યાસ કરવાનું તાલીમાર્થીઓને જણાવ્યું. તાલીમાર્થીઓ પ્રથમવાર જ એરપોર્ટની અંદર આવ્યા હતા. સૌએ ઉત્સાહ અને જીજ્ઞાશા સાથે અભ્યાસ કર્યો. વહેલી સવારે પોતાની દીકરીને મૂકવા આવેલા કેટલાક વાલી પણ એરપોર્ટમાં ફરવાનું કે જોવાનું ના ચૂક્યા. ત્યારબાદ વિમાનમાં બેસી દિલ્હી પહોચ્યા. દિલ્હીમાં અગાઉથી નક્કી કરેલ વ્યવસ્થા મુજબ તાલીમાર્થીઓને બસ લેવા આવી હતી. ત્યાંથી પહોંચ્યા સીધાં જ રાજ્યસંભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા એક સંસદસભ્ય અને કેન્દ્રીયમંત્રીશ્રીની ઓફિસમાં. તેમણે સૌ તાલીમાર્થીઓને ચા-પાણી, નાસ્તો કરાવ્યો, રાજ્યસભા અને સેન્ટ્રલ હોલ જોવાની વ્યવસ્થા કરી આપી. સાથે જમાડ્યા પણ ખરા.ત્યારબાદ બે દિવસ દિલ્હીમાં ફર્યા, મોટાભાગના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી. તાલીમાર્થીઓએ જાતે જ મેટ્રો ટ્રેનનો અનુભવ કર્યો સાથે વ્યવસ્થાનો અભ્યાસ કર્યો.ત્રીજા દિવસે મથુરા-આગ્રા ફરીને રેલ્વે દ્વારા અમદાવાદ પહોંચ્યા ચોથા દિવસે.

વાચકને કદાચ મનમાં પ્રશ્ન થાય કે, પ્રવાસ તો ઘણી શાળા-કોલેજોમાં થાય છે. અહી નવું શું ? ત્યારે નોધ લેવડાવવાની થાય કે, એક શિક્ષકના મનમાં વિદ્યાર્થીઓ માટે આવેલો વિચાર પરિણામમાં કેવી રીતે પરિવર્તિત થાય છે ? અધ્યાપકના મનમાં નવો વિચાર આવવો, તેને વિશ્વાસ સાથે આગળ વધારવો અને પરિણામ સુધી પહોંચવું તે મહત્વનું છે. શિક્ષકનું ખરું કામ જ આ છે કે, વર્ગખંડના અનુભવોને આધારે નવુંનવું વિચારવું અને તેને પરિણામલક્ષી બનાવવું.

પ્રવાસમાં સૌ અધ્યાપકોને પોતાની જાત અને કામ માટે ગૌરવ થાય તેવી એક ચર્ચા થઇ. દિલ્હીમાં રાત્રીના સમયે સૌ જમીને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ચર્ચા કરતા હતા. ચર્ચાનો મુખ્ય વિષય એ હતો કે, આજના તાલીમાર્થીઓ ભવિષ્યમાં શિક્ષક બનશે. ત્યારે પ્રવાસનું આયોજન કેવીરીતે કરવું, કઈ કઈ બાબતોને ધ્યાનમાં

રાખવી વગેરે. આમ શૈક્ષણિક ચર્ચાઓ ચાલતી હતી તે વચ્ચે બે-ત્રણ વિદ્યાર્થી બહેનોએ જણાવ્યું કે, અમે અમારા જીવનમાં સૌ પ્રથમ વાર આ રીતે ઘર બહાર નીકળ્યા છીએ. અમને અમારા મમ્મી-પપ્પાએ ક્યારેય એકલા ક્યાંય જવા દીધા નથી. અમારા જીવનનો આ પ્રથમ પ્રવાસ છે. આ વાત અધ્યાપકોએ શાંતિથી સાંભળી. એકાદ કલાક શૈક્ષણિક ચર્ચા ચાલી. અંતે મોડી રાત્રે સૌ પોતપોતાના રૂમમાં સૂઈ જવા ગયા. અધ્યાપકો પણ પોતાના રૂમમાં ગયા. ત્યારે અધ્યાપકોમાં ચર્ચા ચાલી કે, આપણી સાથે જે વિદ્યાર્થિની બહેનો છે તે ઉમરમાં મોટી છે. આજના જમાનામાં ક્યારેક બનતી અપ્રિય ઘટનાઓ વચ્ચે પણ વાલીએ આપણી સાથે તેમની દીકરીઓને પ્રવાસમાં કેમ મોકલી? તેનું કારણ કે જવાબ મળ્યો કે – વાલીને અધ્યાપક પર વિશ્વાસ છે. વાલી કોઈપણ અધ્યાપકને વ્યક્તિગત ઓળખતા નથી. કદાચ વાલીને અધ્યાપકોના નામ પણ નહિ ખબર હોય. છતાં તે પોતાની દીકરીને શા માટે ચાર દિવસ સુધી મોકલે છે ? તો ફરી એ જ કારણ-વિશ્વાસ. ભલે વાલી અધ્યાપકને ઓળખતા નથી. પરંતુ વાલીને શિક્ષક કે અધ્યાપક પર વિશ્વાસ છે. કે મારી દીકરી શિક્ષક કે અધ્યાપકો સાથે હશે તો તેને કોઈ જ મુશ્કેલી ઊભી નહિ થાય. બસ આ બાબત –વાલીનો અધ્યાપકો પરનો વિશ્વાસ જ આજના અધ્યાપકો અને શિક્ષકોને ગૌરવ અપાવે છે. કે સમાજમાં ક્યાંક છૂટીછવાઈ ઘટનાઓ બને છે કે જેને કારણે શિક્ષક પ્રત્યે વાલીમાં રહેલ આદર ઘટી જાય. આવી ક્યારેક જ બનતી ઘટનાને મહત્વ ન આપીને વાલી શિક્ષકો પર જે વિશ્વાસ મૂકે છે તે જ મહત્વનું છે. જેની સૌ શિક્ષક આલમે નોધ લેવી જોઈએ અને બમણાં ઉત્સાહ અને ગૌરવ સાથે પોતાની ફરજ બજાવવી જોઈએ.

હા.. આજે પણ એવી ઘટનાઓ બને છે કે જેમાં વાલીઓ શિક્ષકો સાથે ઝગડો કરે છે કે ક્યારેક તો મારામારી પણ કરે છે. અરે કોઈ વાલી શિક્ષક સામે પોલીસ ફરિયાદ કરે છે કે કોર્ટમાં પણ દોડી જાય છે. ત્યારે કહેવાનું મન થાય કે આમ કરવા માટે વાલીને કોઈ શોખ થતો નથી. પરંતુ ક્યારેક મિથ્યાભિમાન કે સ્વમાન ઘવાયાની લાગણીને કારણે વાલી ઉપરોક્ત જણાવ્યાં મુજબ વર્તન કરે છે. વાલીના આવા નકારત્મક વર્તન પછી પણ શિક્ષક બાળક સાથે ક્યારેય નકારાત્મક વર્તન કરી શકતો નથી. જેને તમે શિક્ષકના ખાનદાની કે સંસ્કાર કહી શકો. માટે જ  વાલી મિત્રોને એક નાનું સૂચન, કે કોઈ સામાન્ય કારણને લઇ શિક્ષકને ઠેસ પહોંચે તેવું વર્તન ના કરશો. શિક્ષક એ શિક્ષક છે. તેની પર વિશ્વાસ રાખો. તે ક્યારેય તમારા બાળકનું અહિત નહિ થવા દે. સમાજમાં શિક્ષક દ્વારા ક્યારેક બનતી અપ્રિય ઘટનાને અપવાદરૂપે ગણો. એક સંશોધન મુજબ શિક્ષક વર્ગખંડમાં દરરોજ વીસ હજાર કરતાં પણ વધુ વર્તનો કરે છે. ત્યારે વર્ગખંડમાં શિક્ષક દ્વારા તમારા બાળક સાથે કદાચ કોઈ એકાદ વર્તન તમને ન ગમતું થઇ જાય તો તેને ક્ષમ્ય ગણો.

બીજી બાજુ શિક્ષકે એ પણ વિચારવાનું છે, કે સમાજમાં એવી કેટલીક ઘટનાઓ બની છે કે જેને કારણે શિક્ષક પર છાંટા ઉડ્યા જ છે. આવી અપવાદરૂપ પણ નકારાત્મક ઘટનાને કારણે શિક્ષક પ્રત્યેનો કેટલાક વાલીનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો છે. જેમાં એમનો પણ દોષ નથી. આમછતાં મોટાભાગના વાલીને આજે પણ શિક્ષક પ્રત્યે આદર, માન અને વિશ્વાસ છે એ જ મહત્વની બાબત છે. તો શિક્ષકના વર્તનવ્યવહાર એવાં હોવા જોઈએ કે, જેથી વાલીએ મૂકેલો વિશ્વાસ તૂટે નહિ. અને ધીમે ધીમે શિક્ષક માટે આદર નહિ ધરાવતા વાલી પણ શિક્ષક માટે ખરા દિલથી આદર ધરાવતા થઇ જાય. અહી એક હાથે તાળી ના પડે તેને ધ્યાનમાં રાખીએ તો શિક્ષક અને વાલી એકબીજા પર જેટલો વિશ્વાસ મૂકશે તેટલો ફાયદો બન્ને પક્ષે છે.